# ગુજરાત સરકાર, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી ની કચેરી, ગાંધીનગર

# રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્યની ભરતી અંગેની જાહેરાત

રાજ્યની બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદા અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં આચાર્યની પસંદગી પ્રક્રિયા તથા નિમણૂંક માટે મળેલ મંજૂરી ને આધીન અંદાજિત ૪૪ આચાર્યોની ખાલી જગ્યાઓ માટે નિયત થયેલ શૈક્ષણિક લાયકાત મુજબ ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી ની કચેરી,ગાંધીનગર દ્વારા કેન્દ્રિયકૃત રીતે ભરતી કરવા માટે પસંદગી પ્રક્રિયા કરવાની થાય છે.

આ માટે ગુજરાત રાજ્યમાં આવેલ બિનસરકારી અનુદાનિત કોલેજોમાં, 'આચાર્ય' ની અંદાજિત ૪૪ ખાલી જગ્યાઓ માટે મેરીટ અને પસંદગી યાદી તૈયાર કરવા માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસે થી ઓનલાઇન અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે.

લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા: ૧૮-૧૨-૨૦૧૩ **થી** તા: ૩૧-૧૨-૨૦૧૩ સુધી વેબસાઇટ **www.cheguj.com** ઉપર મૂકવામાં આવેલ સૂચના મુજબ તા: ૩૧-૧૨-૨૦૧૩ રોજ ૧૯.૫૯ કલાક સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે.

આ ભરતી પ્રક્રિયા યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૧૦ અને ગુજરાત રાજ્ય ના શિક્ષણ વિભાગના નીચે મુજબના ઠરાવ ને ધ્યાને લઈ કરવામાં આવશે.

૧. ઠરાવ ક્રમાંક એન.જી.સી./૧૧૨૦૧૧/૨૩૭૦/ખ તા:૨૯-૦૯-૨૦૧૧

૨. ઠરાવ ક્રમાંક એન.જી.સી./૧૧૨૦૧૧/૨૩૭૦/તા:૦૪-૦૨-૨૦૧૨

૩. ઠરાવ ક્રમાંક એન.જી.સી./૧૧૨૦૧૧/૨૩૭૦/તા:૧૮-૦૬-૨૦૧૨

## ૧. શૈક્ષણિક લાયકાત:

### અ. વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદા અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોના આચાર્યો માટે :

(I) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની માર્ગદર્શિકા પ્રમાણે ઉમેદવાર જે તે વિદ્યાશાખામાં સરકાર માન્ય યુનિવર્સિટીમાથી ૫૫% ગુણ સાથે અનુસ્નાતક ડિગ્રી તથા Ph.D. ડિગ્રી મેળવેલ હોવી જોઇએ.

(II) જે ઉમેદવારે ૧૯ સપ્ટેમ્બર ૧૯૯૧ પહેલા અનુસ્નાતક ડિગ્રી મેળવેલ હોય અને Ph.D ડીગ્રી ધરાવતો હોય તેવા ઉમેદવાર અનુસ્નાતક કક્ષાએ પાંચ ટકા (૫%)ની છૂટછાટ મેળવવાપાત્ર થશે.

(III) એસોશિએટ પ્રોફેસર/પ્રોફેસર કે જેઓ કોલેજ /યુનિવર્સિટી અથવા ઉચ્ચ શિક્ષણ ની અન્ય સંસ્થાઓ માં કૂલ ૧૫ વર્ષનો શૈક્ષણિક/વહીવટી/સંશોધનનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.

<u>૨. રાષ્ટ્રીયતા:</u> ઉમેદવાર ભારતના નાગરિક હોવા જોઈએ.

<u>૩.પસંદગી પ્રક્રિયા</u>:

૩.૧ ઉમેદવાર ની પસંદગી પ્રક્રિયા શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક એન.જી.સી./૧૧૨૦૧૧/૨૩૭૦/ખ તા: ૨૯-૦૯-૨૦૧૧ માં 'આચાર્ય' ની નિમણૂંક માટેની ગુણાંકન પધ્ધતિ એનેક્ષર(પત્રક)-અ મુજબ કુલ ૯૫ ગુણના મેરીટના આધારે તથા ૫ ગુણ અંગત મુલાકાતના રાખવામા આવેલ છે. તેમજ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક એન.જી.સી./૧૧૨૦૧૧/૨૩૭૦/તા:૦૪-૦૨-૨૦૧૨ મુજબ જો કોઈ કાયમી આચાર્ય એક કોલેજમાંથી બીજી કોઈ કોલેજમાં પસંદગી પ્રક્રિયા માટે અરજી કરે તો તેના કાયમી આચાર્યના અનુભવના પ્રતિવર્ષના ૨ ગુણ પ્રમાણે મહત્તમ ૧૦ ગુણ આપવાનું ઠરાવેલ છે , તેથી ગુણાંકન પદ્ધતિના પત્રક-૧ માં કુલ ગુણ ૯૫ + ૧૦ = ૧૦૫ ગુણમાંથી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે અને ૫ ગુણ અંગત મુલાકાતના ગણતા કુલ ગુણ ૧૧૦ માંથી અંતિમ મેરીટ યાદી તૈયાર કરી ઉમેદવારની પસંદગી કરવામાં આવશે.

૩.૨ આ સાથેના પત્રક –૨ (કેન્દ્રીયકૃત ભરતીમાં સામેલ થવાની સંમતિ આપેલ કોલેજોની યાદી)માં જણાવેલ કોલેજોમાં ખાલી જગ્યાઓ ભરવા માટે સંબંધિત કોલેજોના મેનેજમેન્ટ/ટ્રસ્ટની આપેલ સંમતિના આધારે ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ આમંત્રિત કરવામાં આવશે.

૩.3 સંબંધિત ઉમેદવારની અંગત મુલાકાતની કાર્યવાહી શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ ઠરાવ અનુસાર નિયત થયેલ વરણી સમિતિ દ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના માર્ગદર્શન પ્રમાણે સૂચિત જગ્યાએ કેન્દ્રિયકૃત રીતે કરવામાં આવશે.

૩.૪ અંગત મુલાકાત દરમ્યાન વરણી સમિતિના કોઈપણ સભ્ય દ્વારા ગુણાંકન પત્રકમાં જો ગુણ આપવાનું નું કોઈ ખાનું ખાલી રાખવામા આવશે તો , તે વ્યક્તિ દ્વારા તે ખાના માટે ફાળવેલ કુલ ગુણના સરેરાશ ગુણ ગણી લેવામાં આવશે અને જે તે ઉમેદવારને તેના સરેરાશ ગુણ પ્રમાણે ગુણ આપી અંતિમ મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે.

૩.૫ ઉમેદવારે કોલેજ પસંદગી બાબતે નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે.

1. ઉમેદવારે જે વિષય સાથે અનુસ્નાતક પદવી પ્રાપ્ત કરેલ હોય તે વિષય તેની પસંદગીની કોલેજો માં ચાલતો હોવો જોઈએ.
2. ઉમેદવારે જે વિષય સાથે અનુસ્નાતક પદવી પ્રાપ્ત કરેલ હોય અને તેણે પસંદગી કરેલ કોલેજો માં તે વિષય ચાલતો ના હોય તો ઉમેદવાર આ કોલેજો માટે પસંદગી ને પાત્ર રહેશે નહીં.

૩. ઉમેદવારે ૩.5 (1) ને ધ્યાને લઈ ને ખાલી જગ્યાની યાદી માથી ફક્ત પાંચ (૫) કોલેજો માટે પસંદગી ક્રમ આપવાનો રહેશે.

૪. ઉમેદવારે પોતે પસંદ કરેલ પાંચ (૫) કોલેજો સિવાય અન્ય કોલેજ માં જો મેરીટ ગુણ વધુ હોય તો પણ પસંદગી ની કોલેજ સિવાય અન્ય કોલેજ માટે ઉમેદવાર પાત્રતા ધરાવશે નહીં.

૫. દરેક ઉમેદવારે ઉપરોક્ત બાબતોને ધ્યાને લઈને પસંદગી ક્રમ આપવાનો રહેશે. કોઈપણ સંજોગોમાં પસંદ કરવામાં આવેલ કોલેજો તેમજ પસંદગી ક્રમ અરજી કરવાની છેલ્લી તારીખ પછી ઉમેદવાર સુધારી શકશે નહીં.

૩.૬ દરેક કોલેજની અંતિમ મેરીટયાદી ઉમેદવારે પસંદ કરેલ ફક્ત પાંચ જ કોલેજ માટે તૈયાર કરવામાં આવશે. આમ , કોઈપણ ઉમેદવારે તેણે પસંદ કરેલ પાંચ જ કોલેજ માટે અંગત મુલાકાત માટે સમિતિ સમક્ષ હાજર રહેવાનુ રહેશે.

## ૪. અરજી ફી :

મૂળ ગુજરાતનાં હોય તેવા અનુસુચિત જાતિ , અનુસુચિત જનજાતિ તેમજ વિકલાંગ ઉમેદવારો માટે અરજી ફી રૂ. ૫૦૦/- તેમજ અન્ય તમામ ઉમેદવારો માટે અરજી ફી રૂ. ૧૦૦૦/- રહેશે.

## ૫. ઓનલાઇન અરજીપત્રક ભરવા અંગેની તેમજ સમગ્ર ભરતી બાબતની અગત્યની સુચનાઓ

૫.૧ લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત સમય મર્યાદામાં વેબસાઇટ www.cheguj.com પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

૫.૨ અરજીપત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે. ઉમેદવારે ઓનલાઇન ભરેલ અરજી ફોર્મ આખરી ગણાશે જેમાં **તા:૩૧-૧૨-૨૦૧૩ ના ૧૯.૫૯ કલાક બાદ કોઇપણ જાતના સુધારા-વધારા કરી શકાશે નહીં કે તમારી વિશેષ કોઇ રજુઆત ગ્રાહ્ય રાખી શકાશે નહીં.**

૫.૩ ટપાલ કે કુરીયર મારફત અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં અને રદ થયેલા ગણાશે.

૫.૪ ઉમેદવારે સૌ પ્રથમ વેબસાઇટ **www.cheguj.com** પર રજિસ્ટર થવાનું રહેશે. ઉમેદવારે રજિસ્ટર કરેલા ઇ-મેલ આઇ.ડી પર જો જરૂર લાગશે તો સુચનાઓ આપવામાં આવશે જેથી ઉમેદવારે પોતાનું જ ઇ-મેલ આઇ.ડી આપવાનું રહેશે.

૫.૫ ઉમેદવાર રજિસ્ટર થયા બાદ જ વેબસાઇટ પર લોગ-ઇન થવાથી અરજી ફોર્મ ખુલશે. અરજી ફોર્મ કાળજીપૂર્વક ભરવાનું રહેશે. અરજી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૧-૧૨-૨૦૧૩ ના ૧૯-૫૯ કલાક સુધીમાં ઉમેદવાર પોતાના ફોર્મની વિગતો સુધારી શકાશે પરંતુ ફોર્મ કન્ફર્મ કરવાની છેલ્લી તારીખે (૧-૧-૨૦૧૪) દર્શાવેલ સમય બાદ કોઇપણ સંજોગોમાં ઉમેદવાર ફોર્મની વિગતો સુધારી/અપડેટ કરી શકશે નહીં. જો ઉમેદવાર ઓનલાઇન અરજી ફોર્મમાં પોતે ભુલ કરશે તો તેવી અરજી ઉપર

કોઇ વિચારણા કરવામાં આવશે નહીં. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે. આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહીં જેથી જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.

૫.૬ પસંદગી ક્રમ આપ્યા બાદ ઉમેદવારે ફોર્મ ફી ભરવા માટે તેમના ચલણ ડાઉનલોડ કરી પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. તથા નજીકની દેના બેંકની કોઇપણ શાખામાં ઉક્ત ચલણથી ફોર્મ ફી જમા કરાવવાની રહેશે. બેંકમાં ફી ભરવાથી ઉમેદવારને ચલણની એક કોપી પરત કરવામાં આવશે જેમાં બેંક દ્વારા ટ્રાન્ઝેક્શન આઇ.ડી દર્શાવવામાં આવેલ હશે.

ઉમેદવાર NEFT મારફત ઓનલાઇન નીચેની વિગતના ખાતા માં ઉમેદવારી ફી જમા કરાવી શકશે. આવા ઉમેદવારોએ ફી ભર્યાના ૨૫ કલાક બાદ રેફરન્સ આઇ.ડી વડે અરજી કન્ફર્મ કરવાની રહેશે.

- બેંકનું નામ: દેના બેંક
- ખાતા નં :0૩0૮૧00૨૭૯00
- IFSC Code : BKDN0130308
- MICR Code: 380018053

ચલણ ડાઉનલોડ કર્યા બાદના કામકાજના એક દિવસ બાદ ઉમેદવારે વેબસાઇટ **www.cheguj.com** પર પોતાના યુઝર આઇ.ડી –પાસવર્ડથી લોગ-ઇન થવાનું રહેશે તથા ચલણથી ફી ભર્યા અંગેના ટ્રાન્ઝેક્શન આઇ.ડી . જણાવવાના રહેશે જેથી સિસ્ટમ દ્વારા વેરીફાઇ કરી ઉમેદવારની અરજી સ્વિકારવામાં આવેલ છે તે પ્રકારની સુચના પ્રદર્શિત કરવામાં આવશે. ઉમેદવારનું ફોર્મ સ્વિકારવામાં આવેલ છે તે મુજબની સુચના પ્રદર્શિત ન થાય ત્યાં સુધી ફોર્મ સબમીટ થયેલ ગણાશે નહીં તથા આવા ઉમેદવારોની અરજી ધ્યાન પર લેવામાં આવશે નહીં. કામકાજના દિવસો દરમ્યાન દરરોજ બપોરના ૧૨.00 કલાકે સિસ્ટમમાં બેંક દ્વારા પુરા પાડવામાં આવેલ ટ્રાન્ઝેક્શન આઇ.ડી નો ડેટા અપડેટ કરવામાં આવશે. જેથી ફી ભર્યાના ૨૫ કલાક બાદ જ ટ્રાન્ઝેક્શન આઇ.ડી દાખલ કરવાથી સિસ્ટમ દ્વારા વેરીફાઇ કરી શકાશે.

૫.૭ (A)

ઉમેદવારે ઓનલાઈન અરજી પત્રક ભરતી વખતે API SCORE ના ખાના માં પોતાનો API SCORE ફક્ત કેટેગરી III મુજબ ગણતરી કરી દર્શાવવાનો રહેશે.

( B)

કોલેજમાં આચાર્યની સીધી ભરતી માટે યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૧૦ માં Appendix-III ના ટેબલ-૧ ના કેટેગરી- III માં દર્શાવ્યા મુજબ Performance Based Appraisal System (PBAS) આધારિત સંયુક્ત API ના ફોર્મેટ મુજબ ઉમેદવારના ઓછામાં ઓછા ૪00 પોઇંટ્સ હોવા જોઈએ.

( C)

યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૧૦ના Appendix-III, ટેબલ-૧ અને કેટેગરી-III માં આપેલ PBAS કોષ્ટક મુજબ સંયુક્ત API પોઇંટ્સ ની ગણતરી કરવી. (Annexure-II)

૫.૮ ઉમેદવાર ની અનુસ્નાતકની માર્કશીટમાં જો પરિણામની તારીખ દર્શાવેલના હોય તેવા કિસ્સામાં ઓનલાઈન અરજી પત્રકમાં અનુસ્નાતક ડિગ્રીની તારીખના ખાનામાં જે તે મહિનાની પહેલી તારીખ દર્શાવવી.

૫.૯ ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની પ્રિન્ટ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે અને સાચવણી કરી જરૂર પડે થી રજુ કરવાની રહેશે.

૫.૧૦ આચાર્યશ્રીની ભરતી સંબંધે તમામ સૂચનાઓ/વિગતો વખતોવખત વેબસાઇટ પરથી જોઈ શકાશે.

૫.૧૧ સંબંધિત વિધાશાખાની કોલેજ અને વિષય અનુસારની ખાલી જગ્યાઓ અનુસારના ઉમેદવારોને પ્રમાણપત્ર ચકાસણી માટે બોલાવવામાં આવશે. આવા ઉમેદવારોની યાદી વેબસાઇટ સમયસર **www.cheguj.com** પર મૂકવામાં આવશે

૫.૧૨ યાદી અનુસારના ઉમેદવારોએ લોગ-ઇન થઇને પ્રમાણપત્ર ચકાસણી માટેનો કોલ લેટર ડાઉનલોડ કરવાનો રહેશે તથા કોલ લેટરમાં જણાવવામાં આવેલ સમય અને સ્થળે રૂબરૂ માં સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. ફાળવેલ સમય અને તારીખે ઉમેદવાર ઉપસ્થિત ન રહી શકે તો ઉમેદવારનો પ્રમાણપત્ર ચકાસણી માટેનો હક રદબાતલ થયેલ ગણાશે. પ્રમાણપત્રો વેરિફિકેશન માટેનું સ્થળ , તારીખ તેમજ સમય વેબસાઇટ પર મૂકવામાં આવશે.

૫.૧૩ પ્રમાણપત્ર ચકાસણી સમયે ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ તમામ લાયકાત તથા વિગતો સંબંધી અસલ પ્રમાણપત્રો તથા આધારો રજુ કરવાના રહેશે.

૫.૧૪ કોઇ ઉમેદવારે બનાવટી દસ્તાવેજો રજુ કરીને કે દસ્તાવેજો સાથે ચેડા કરેલ માલુમ પડશે તો , તેમની સામે નિયમાનુસાર શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે.

૫.૧૫ જે ઉમેદવાર ઓનલાઇન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તો, તેમને ગેરલાયક ગણવામાં આવશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધુરી અથવા ભુલભરેલી જણાશે તો, ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઇપણ તબક્કે ગેરલાયક ગણવામાં આવશે અને આ અંગે કોઇપણ પ્રકારની રજુઆત સ્વિકારવામાં આવશે નહીં.

૫.૧૬ ઉમેદવારે પ્રમાણપત્ર ચકાસણી સમયે ફોટો આઇડેન્ટીટી પ્રુફ સાથે રાખવાનું રહેશે તેમજ માંગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે.

૫.૧૭ ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા સાથે સંકળાયેલ અધિકારી/કર્મચારીઓનો સંપર્ક કરવો નહીં. કોઇપણ પ્રકારે દબાણ લાવનાર કે ભરતી પ્રક્રિયામાં વિક્ષેપ કરનાર ઉમેદવારની અરજી રદ કરવામાં આવશે.

૫.૧૮ પ્રમાણપત્ર ચકાસણી પૂર્ણ થયા બાદ ગુણાંકન પદ્ધતિમાંથી પ્રાપ્ત થયેલ ગુણ તેમજ અંગત મુલાકાત માથી પ્રાપ્ત થયેલ ગુણ નો સરવાળો કરી મેરીટ યાદી બનાવવામાં આવશે.

૫.૧૯ આખરી મેરીટ અનુસાર ઉમેદવારે આપેલ સ્થળ પસંદગી ક્રમ તથા તેઓના મેરીટ ગુણના આધારે કોમ્પ્યુટર સિસ્ટમ દ્વારા સ્થળ(કોલેજ) ફાળવણી કરવામાં આવશે. નિમણૂંક આદેશમાં જણાવ્યા અનુસારની મુદ્દતમાં ફાળવાયેલ કોલેજ માં હાજર થવાનું રહેશે અન્યથા ઉમેદવાર નો નિમણૂંક આદેશ આપોઆપ રદ્દ થયેલ ગણાશે.

૫.૨૦ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ની કચેરી અને તેના દ્વારા કરવામાં આવતી ભરતી પ્રક્રિયા માં દરેકને સમાન તક આપવા તથા મહિલાઓ વધુ ઉમેદવારી નોંધાવે તે માટે પ્રોત્સાહિત કરે છે.

૫.૨૧ ઓનલાઈન અરજી કરતી વખતે કોઈપણ પ્રકાર ની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર જણાવેલ હેલ્પ લાઈન નંબર પર જ સંપર્ક કરવાનો રહેશે.

**ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી**
**ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,**
**ગાંધીનગર ગુજરાત રાજય.**